# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/ ૫૦૧

તા.૨૦/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત. જિ.સુરત

આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નંબર.પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૧૨૬-૨૧૩ તા.૦૬/૦૧/૨૦૨૫નો પત્ર અન્વયે શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વીડીયો કોન્ફરન્સમાં મળેલ સૂચના મુજબ દર વર્ષે ૨૬ મી નવેમ્બરને બંધારણ દિવસ ( સંવિધાન દિવસ ) તરીકે ઉજવવા બાબતે તમામ શાળાઓને જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૫/૨૨૬-૨૨૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૬/૦૧/૨૦૨૫

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- બંધારણ દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાઓમાં પ્રવૃત્તિઓ કરવા બાબત.
સંદર્ભઃ- (૧) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના પત્ર ક્રમાંકઃ- 17-11/2023-Coord તા. ૨૧/૧૧/૨૦૨૪
(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૪૫૦૨-૫૮૮ તા.૨૨/૧૧/૨૦૨૪
(૩) શિક્ષણ મંત્રાલય દ્વારા વીડીયો કોન્ફરન્સમાં મળેલ સૂચના

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વીડીયો કોન્ફરન્સમાં મળેલ સૂચના મુજબ દર વર્ષે ૨૬ મી નવેમ્બરને બંધારણ દિવસ (સંવિધાન દિવસ) તરીકે ઉજવવામાં આવે છે, ભારતીય બંધારણના ૭૫માં વર્ષની ઉજવણી એક વર્ષના સમયગાળા માટે નકકી કરવામાં આવેલ છે. આ સમયગાળા દરમિયાન તમામ પ્રાથમિક શાળાઓમાં તા.૨૬/૧૧/૨૦૨૪ થી તા.૨૬/૧૧/૨૦૨૫ સુધી નીચે જણાવેલ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.

<u>રાઉન્ડ ધ યર પ્રવૃત્તિઓઃ-</u>

<u>રાજ્યના બંધારણ સભાના સભ્યોને ઓળખો:</u> બંધારણ સભાના સભ્યોની જન્મજયંતિની ઉજવણી કરો અને તેમની ભૂમિકાઓ, જવાબદારીઓ, જીવનશૈલી અંગે ચર્ચા કરવી.

<u>DIKSHA પર ઓનલાઈન ક્વિઝ:</u> વિદ્યાર્થીઓએ NCERT, DIKSHA પ્લેટફોર્મ પર હોસ્ટ કરવામાં આવેલી ઓનલાઈન ક્વિઝમાં ભાગ લેવા.

(૧) <u>સવાર/વિશેષ એસેમ્બલીઓ (નવેમ્બર, ૨૦૨૪)</u>

<u>પ્રસ્તાવના વાંચનઃ-</u> વિદ્યાર્થીઓએ એકતા અને લોકતાંત્રિક મૂલ્યો માટે આદરને પ્રોત્સાહન આપતા, મોર્નિંગ એસેમ્બલી દરમિયાન સાથે મળીને બંધારણની પ્રસ્તાવના વાંચવી.

<u>જુથ ચર્ચાઓઃ-</u> શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતોના નિર્માણ અને માર્ગદર્શક સિદ્ધાંતોની ચર્ચા કરવી.

(૨) <u>વોલ આર્ટ (ડિસેમ્બર, ૨૦૨૪)</u>

<u>વૉલ આર્ટ:</u> સહયોગાત્મક ભીંતચિત્ર પ્રોજેક્ટ, વિદ્યાર્થીઓએ શાળાની દિવાલો પર પ્રસ્તાવના દોરવી.

બંધારણની થીમ પર આધારિત સેલ્ફી પોઈન્ટ/બંધારણ કોર્નર સ્થાપિત કરવા.

(૩) **વાર્તાલાપ/વેબિનાર/સ્પર્ધાઓ (જાન્યુઆરી, ૨૦૨૫)**

**અતિથિ પ્રવચનો:** પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, ઇતિહાસકારો અથવા ન્યાયાધીશોને શાળામાં આમંત્રીત કરી તેઓ બંધારણના નિર્માણ અને તેના મહત્વ વિશે વાર્તાઓ શેર કરે.

**પેનલ ચર્ચાઓ:** વરિષ્ઠ વિદ્યાર્થીઓ બંધારણીય અધિકારોની સમકાલીન સુસંગતતા પર ચર્ચા કરવી.

**ઇન્ટરેક્ટિવ વેબિનાર્સ:** લોકશાહી પ્રક્રિયા અને નાગરિક જવાબદારીઓ વિશે નિષ્ણાતો સાથે વર્ચ્યુઅલ પ્રશ્ન અને જવાબ કરવા.

(૪) **સાહિત્યિક પ્રવૃત્તિઓ (ફેબ્રુઆરી, ૨૦૨૫)**

**સાંભળો અને ચર્ચા કરો:** બંધારણ સભાની ચર્ચાઓ સાંભળો અને તેની ચર્ચા કરવી.

**વાર્તા કહેવાના સત્રો:** બંધારણની રચના દરમિયાન નોંધપાત્ર ઘટનાઓ વિશે વર્ણન.

(૫) **ફિલ્મ સ્ક્રીનીંગ/પ્રદર્શન (માર્ચ, ૨૦૨૫)**

**મૂવી/વિડિયો સ્ક્રીનિંગ:** બંધારણના નિર્માણ પર મૂવી દર્શાવો

https://ncert.nic.in/constitution_day.php

બંધારણના નિર્માણ પર પ્રદર્શન.

(૬) **મોડેલ બંધારણ સભા/અન્ય સ્પર્ધાઓ (એપ્રિલ, ૨૦૨૫)**

**ભૂમિકા ભજવો:** શાળામાં બંધારણ સભાના પ્રમુખ, મુસદ્દા સમિતિના અધ્યક્ષ વગેરે જેવી ભૂમિકાઓ વિદ્યાર્થીઓએ કરવી.

**કવિતા પઠન:** ન્યાય, સ્વતંત્રતા, બંધુત્વ વગેરે વિષયો પર શાળામાં કવિતા પઠન કરવું.

**રંગોળી બનાવવી:** વિદ્યાર્થીઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની થીમ આધારિત રંગોળી ડિઝાઇન કરવી.

(૭) **કલા પ્રવૃત્તિઓ (મે, ૨૦૨૫)**

**ચિત્ર અને સ્લોગન લેખન:** બંધારણીય આદર્શોનું ચિત્રણ કરીને અને "અમે, ભારતના લોકો..." જેવા પ્રભાવશાળી સૂત્રો બનાવીને સર્જનાત્મકતા દર્શાવવી.

**પોસ્ટર મેકિંગ:** વિદ્યાર્થીઓ "બધા માટે સમાનતા" અથવા "આપણા અધિકારો, અમારું ગૌરવ" જેવી થીમ્સ પર પોસ્ટર બનાવવા.

(૮) **નિબંધ લેખન સ્પર્ધા (જૂન, ૨૦૨૫): નીચેનામાંથી એક વિષય પર**

"હમારા સંવિધાન, હમારા સ્વાભિમાન" અથવા

"જો હું બંધારણ નિર્માતા હોત"

(૯) **મોક પાર્લામેન્ટ (જુલાઈ, ૨૦૨૫)**

વિદ્યાર્થીઓ લોકશાહી પ્રક્રિયાનો અનુભવ કરીને સમકાલીન મુદ્દાઓ પર ચર્ચા કરવી.

(૧૦) **સમુદાય જાગૃતિ પ્રવૃત્તિઓ (ઓગસ્ટ, ૨૦૨૫)**

**પ્રભાત ફેરીઓ/રેલીઓ:** બંધારણીય જાગૃતિને પ્રોત્સાહન આપતા બેનરો સાથે વહેલી સવારે રેલીઓ કરવી.

**માનવ સાંકળો:** વિદ્યાર્થીઓ એકતા અને સમાનતા પર ભાર મૂકતી સાંકેતિક માનવ સાંકળો બનાવી.

શેરી નાટકો: બંધારણીય અધિકારો અને ફરજોને પ્રકાશિત કરતા નુક્કડ નાટક કરવા.

બંધારણ માટે વિદ્યાર્થીઓ દ્વારા રન/વોક અને હાફ મેરેથોન કરવી.

(૧૧) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સપ્ટેમ્બર, ૨૦૨૫)

ગીતો: યુવાનોને જોડી આધુનિક બીટસ સાથે દેશભક્તિને મિશ્રિત કરતા પ્રદર્શન કરવા.

ડાન્સ અને ફેન્સી ડ્રેસ: ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા અને એકતાથી પ્રેરિત પ્રદર્શન કરવા.

(૧૨) ડિબેટ/એક્સ્ટેમ્પોર/બુકમાર્ક્સ (ઓક્ટોબર, ૨૦૨૫)

બંધારણ આધારિત વિષયો પર વિદ્યાર્થીઓ વચ્ચે ડિબેટ સ્પર્ધાઓનું આયોજન કરવું.

ભારતીય બંધારણથી પ્રેરિત બુકમાર્ક્સ, બેજસ અથવા કોલાજ ડિઝાઇન કરવા.

(૧૩) સ્પેશિયલ એસેમ્બલી સહિતની ગતિવિધિઓ (નવેમ્બર, ૨૦૨૫)

બંધારણના મહત્વની ચર્ચા કરવા, પ્રતિજ્ઞા લેવા, મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો વગેરેની ચર્ચા કરવા માટે સવારની એસેમ્બલીઓ કરવી.

બંધારણ વિશેની વેબસાઇટ

(૧) https://ncert.nic.in/constitution_day.php (૨) https://mpa.gov.in/

(3) https://constitution75.com/

તા.૨૬/૧૧/૨૦૨૪ થી તા.૨૬/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન બંધારણની ઉજવણી કરવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં ઉક્ત જણાવેલ પ્રવૃત્તિઓ કરવાની રહેશે તથા બંધારણ ઉજવણીમાં ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા, કરેલ પ્રવૃત્તિની વિગતો તથા તેના સારી કવોલીટીના જીઓ ટેગ ધરાવતા ફોટોસ આ સાથે સામેલ ગુગલ ટ્રેકર લીંકમાં જરૂરી માહિતી જિલ્લા કક્ષાએથી સંકલીત કરીને ભરવા આથી જણાવવામાં આવે છે.

ગુગલ ટ્રેકરની લીંક:-

https://docs.google.com/spreadsheets/d/18IPcSVm-GS7qEaf5TMi2JbTcQrk13Uvp/edit?usp=sharing&ouid=110848514857205530010&rtpof=true&sd=true

બિડાણ:- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

પ્રાથમિક શિક્ષણ

ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેકટર- ૧૯, ગાંધીનગર તરફ ગુગલ ટ્રેકર લીંકમાં જરૂરી માહિતી ભરાવવા સારૂ